પ્રકાશવંદના

~ ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

તમારા જીવનની દરેક ક્ષણ સત્યના પ્રકાશથી ઝગમગે

તમારું મન ચિદાકાશમાં પથરાયેલી સેજ પર વિશ્રાંતિ પામે

તમારી બુદ્ધિ અજવાળાની પૂર્ણપણે અનુભૂતિ કરે

તમારા હૃદયમાં ભગવાનની જ્યોતિ સદાસર્વદા બિરાજમાન રહે

તમારો પ્રત્યેક શ્વાસપ્રશ્વાસ શક્તિની પ્રભાથી ભરેલો રહે

તમારી સવાર આરંભ થાય ગુરુકૃપા પ્રત્યે કૃતજ્ઞતાથી

અને દિવસ પૂરો થાય શ્રીગુરુ પ્રત્યે તમારા આભારથી

દીપાવલીની મંગલકામનાઓ!

***

ઋગ્વેદની એક ઋચા કહે છે —

પરમ સત્ય એક જ છે

જેને જ્ઞાનીજન વિવિધ નામોથી સંબોધિત કરે છે.

એવી જ રીતે દીપનું સત્ત્વ એક જ છે

આ સત્ત્વ છે તેજ

આ જ તેજ સૂર્ય અને ચંદ્રમામાં છે

લોકોનાં નેત્રોમાં છે

તેમનાં હાસ્ય અને સ્મિતમાં છે

બીજાંઓનાં સુખ-સૌભાગ્ય માટે

તેમની પ્રાર્થનાઓમાં છે

તેમની ઉમદા આકાંક્ષાઓમાં છે

તેમની શુભેચ્છાઓમાં છે

શ્રીગુરુની અપરંપાર કૃપામાં છે
ઈશ્વરના આશીર્વાદમાં છે
જુઓ ને, ભારતના ભિન્ન-ભિન્ન પ્રદેશોમાં
દીપાવલીની અલગ-અલગ કથાઓ પ્રચલિત છે
તોપણ દીપ એ જ છે
દીપની જ્યોત એ જ છે
પૂજા-આરાધનાની પ્રથા એ જ છે
આપણે બાહ્ય પ્રગતિ કરતાં ઘણી વધારે
અંતરની પ્રગતિ કરવી પડશે
કારણ કે આપણા અસ્તિત્વનો વાસ્તવિક પાયો
આપણા અંતરમાં છે
પૂજા-અર્ચનાના જે રિવાજનું બીજ
આપણા પૂર્વજોએ વાવ્યું હતું
અને એ અમાનત આપણને સોંપી હતી
તેની આપણે અવગણના નથી કરવાની
એ રિવાજમાં જે શક્તિ છે
તે માત્ર બાહ્ય પ્રગતિમાં નથી.

જે સ્નેહ-સાધન છે, જે પ્રભુ-સાધન છે
જે જ્ઞાન-સાધન છે, જે આત્મ-સાધન છે
જે ભક્તિ-સાધન છે, જે મોક્ષનું સાધન છે
એ તો પ્રકાશથી હંમેશાં ઝળહળે છે
ઘણી બધીવાર આપણને એવાં લોકોની જરૂર હોય છે
જે આપણને આ વાત યાદ અપાવતાં રહે.

આ જરૂર એટલા માટે પડે છે
કારણ કે યુગો-યુગોથી લોકોને એક આદત પડી ગઈ છે
એ આદત કઈ છે?
એ આદત છે કંઈકને કંઈક શોધતા રહેવાની
શોધવાની લત લાગી છે તેમને

અહીં શોધવું, ત્યાં શોધવું
અહીં ગોતવું, ત્યાં ગોતવું
આને પૂછવું, તેને પૂછવું
ક્યારેક આ વ્યક્તિની પાછળ ભાગવું
ક્યારેક પેલી વ્યક્તિનાં સ્વપ્નોને ઝૂંટવાં
વિચારોનું ક્યારેક આ દિશામાં જવું
ક્યારેક પેલી દિશામાં જવું
વારંવાર એ જ રસ્તા પર પાછા જવું
એ જ જૂનાપુરાણા રસ્તા પર
જોકે તેઓ આ સારી રીતે જાણે છે કે
એ માર્ગ પર પાછા જઈને
કંઈ મળવાનું નથી
તેમના હાથમાં કંઈ પણ આવવાનું નથી
તો પછી તેમનાં પર પોતાના એ જ રાગને આલાપતા રહેવાનું
ગાંડપણ કેમ સવાર છે?
વારંવાર મનમાં વસેલા એ જ માળામાં પાછું આવવું
એ જ જૂની વાતો, જૂના વિચારોમાં અટકેલા રહેવું
જેમાં ન કંઈ અર્થ બચ્યો છે, જેમાં ન કંઈ શેષ રહ્યું છે
બસ ગોળ-ગોળ ફરતા રહેવું
આવું કરતાં-કરતાં એક ઘમસાણ યુદ્ધ છેડવું
પોતાની સાથે
લોકોની સાથે
અને પોતાની આસપાસની દુનિયા સાથે
સ્વયં સાથે અંતર-દ્વંદ્વને કારણે યુદ્ધ
બીજાંઓ સાથે પોતાની એ વિચારસરણીને કારણે યુદ્ધ કે
મારું જીવન તેમનાં કરતાં વધારે સારું નથી
આ જ કાલ્પનિક સંઘર્ષોમાં ગૂંચવાતાં-ગૂંચવાતાં
તેઓ તૃપ્તિનો પાલવ પકડી જ નથી શકતાં.

શું આ વાત તમને ચિર-પરિચિત લાગે છે?
હા, તમે આ વાતથી સારી રીતે વાકેફ છો
તેમાં મને કોઈ શંકા નથી.

ચાલો, હું આગળ વધું છું.
તમને તો જરૂર ખબર હશે કે કોઈપણ વસ્તુ
માત્ર પ્રકાશને કારણે ચમકે છે
પ્રકાશને કારણે પ્રગટ થાય છે
જ્યારે કંઈક પ્રકાશમય દેખાય છે
તો તમારી નજરો તેની જ તરફ જતી રહે છે
દરવર્ષે આપણે દીપાવલીનો તહેવાર મનાવવા માટે ઉત્સુક રહીએ છીએ
કારણ કે આ એક એવો ઉત્સવ છે જ્યારે આપણે
મીઠી-મીઠી લાગણીઓને આપણા આલિંગનમાં લેવાનો
વધારે પ્રયાસ નથી કરવો પડતો
દીપાવલીની
ચમકદાર
ઝગમગતી
સુંદર
રમણીય જ્યોતિઓ
અંદરની ખુશીને
મનની શાંતિને
હૃદયની અસીમ પ્રસન્નતાને
આશાઓનાં ખુશનુમા સપનાંઓને
ફરીથી પ્રત્યક્ષ કરે છે
ખરું ને?
અંદરની અગોચર શક્તિની ઉષ્ણતાને
તેની દ્યુતિને
બહારનો અગ્નિ પ્રગટ કરે છે
અંતઃકરણમાં જે પણ તત્ત્વ છુપાયેલું છે
જે પણ ભાવાવેશ છુપાયેલો છે

બહારનો અગ્નિ તેને ઉજાગર કરે છે
દીપકની જ્યોત પવિત્રતાનું પ્રતીક છે.

જ્યારે આપણે સદ્‌ગુણોનું વર્ણન કરીએ છીએ
ત્યારે તેમાં પ્રધાનતા કોની હોય છે?
પ્રકાશની.
જેવી રીતે હીરો પોતાની ચમકથી ઓળખાય છે
અને સોનું પોતાની દમકથી
એવી જ રીતે સદ્‌ગુણમાં નિહિત કાંતિ તેની વિશિષ્ટતા છે
એટલા માટે જ આપણે સ્વાભાવિકપણે
એ લોકો તરફ ખેંચાતાં જઈએ છીએ
જેઓ સારા ગુણોને દર્શાવે છે
પરંતુ જે લોકોમાં આપણને દુર્ગુણોનો આભાસ થાય છે
આપણે એકાએક તેમનાંથી દૂર ભાગવા માગીએ છીએ.
કેમ?
આપણી અંદર ખળભળાટ મચવાનું શરૂ થઈ જાય છે.
કેમ?
જ્યારે આપણે દુર્ગુણોની વાત કરીએ છીએ
ત્યારે તેમાં પ્રધાનતા હોય છે અંધકારની
તિમિરનું તો આ જ કામ છે —
જેટલું બની શકે તેટલું તમને પોતાની જાળમાં ફસાવવું
તમારી આંખો પર અજ્ઞાનનો પડદો નાખી રાખવો
અને તમને એવો દિલાસો આપવો કે બસ પૂછો જ નહીં!
તમે તરત જ તેનાથી છેતરાઈ જાઓ છો
હા, વાત તો આ જ છે ને.
જ્યારે તમને ઘોર અંધારુ તેના તીક્ષ્ણ પંજાઓમાં
જોરથી પકડી લે છે ત્યારે તમારું મન
સદ્‌ભાવનાથી ખૂબ જ દૂર જતું રહે છે
અને કમર કસીને ઊંધુંચતું કામ કરવામાં લાગી જાય છે
દુર્ભાવનાઓથી ઘેરાઈ જાય છે

અંધકારમાંથી જે ગુંજે છે તેને જ સાચું માનવાની
તમે જિદ્દ પકડી લો છો
અડિયલ બની જાઓ છો
તમને બીજું કંઈ દેખાતું જ નથી
તમને બીજું કંઈ સૂઝતું જ નથી.

પ્રકાશ દીપશિખામાં પણ છે
અગ્નિની જ્વાળામાં પણ છે.
અગ્નિનાં અનેક રૂપો છે જેમકે —
મૃદુ અગ્નિ
શાંત અગ્નિ
પ્રચંડ અગ્નિ
જઠરાગ્નિ
પ્રેમનો અગ્નિ
સાધનાનો અગ્નિ
તપનો અગ્નિ
આત્મશુદ્ધિનો અગ્નિ
વગેરે વગેરે...
અગ્નિ પ્રકાશનો દ્યોતક છે
પરંતુ જ્યારે આપણે અગ્નિનો આદર નથી કરતાં
તો એ કદાચ ઉગ્ર રૂપ ધારણ કરી લે છે
અગ્નિનું ઉગ્ર રૂપ છે ક્રોધ
જેનું એક જ ગંતવ્ય છે
દરેક જગ્યાએ વિનાશ જ વિનાશ
વિનાશથી બચવું હોય તો આ ક્રોધરૂપી અગ્નિનું
શમન કરવું જ પડશે
તેના દાહને શાંત કરવો જ પડશે
શાંતિથી શાંતિ ફેલાય છે.

દીપાવલીનો તહેવાર દીવાઓની પંક્તિથી સુસજ્જિત હોય છે
જ્યાં જુઓ ત્યાં જ્યોતિનો પ્રસાર
જ્યાં દૃષ્ટિ કરો ત્યાં દીપની આભા
દરેક દીવાનું સ્વરૂપ સ્વર્ણમય
એવું લાગે છે કે ચારેય દિશાઓ
આ ધરતી અને આ આકાશ
સૌંદર્યની દેવીની
ચાંદતારાઓથી જડેલી ચૂંદડીથી આચ્છાદિત છે
બધી બાજુ પ્રકાશ અને પ્રસન્નતા ફેલાયેલાં હોય છે
પર્વ દીપાવલીમાં ન કોઈ ભેદ છે, ન કોઈ દ્વેષ છે
ન કોઈ દુઃખ છે, ન કોઈ ફરિયાદ છે
તે બધાંને આત્મીયતાના રંગથી રંગી દે છે
પ્રેમ અને ભલમનસાઈથી તરબોળ કરી દે છે
ઘર કોઈનું પણ હોય
ભલે અમીરનું, ભલે ગરીબનું
દીપાવલીનું પર્વ દરેકને આશ્રયનો સંકેત આપે છે
આમ તો દરેક દેવાલયમાં આરતીનો દીપક પ્રતિદિન પ્રજ્વલિત થાય છે
પરંતુ દીપાવલીના તેજોમય દીપકોની જે પંક્તિઓ છે
તેની સોહામણી છબી અનોખી છે
અને તેની દીપ્તિ દરેકને માટે છે
હૃદયના આંગણામાં જ્યારે દિવ્ય જ્યોતિની સુગંધ ફેલાય છે
તો આપણા માટે આ સંદેશ લઈને આવે છે,
પોતાના અવાજને પ્રેમથી બુલંદ કરો
દિલના દુઃખને પ્રકાશથી પુનિત કરો
દીપ રાગ ગાઓ
દીપ તાલ પર નૃત્ય કરો
દીપનો ઝણકાર સાંભળો
દીપ ચેતનાનો અનુભવ કરો

શુભ દીપાવલી!

દીપ છે નાનો, તેની શિખા છે તેજસ્વી
દીપ છે વિનમ્ર, તેની આકૃતિ છે રૂપવતી
દીપ છે સદા પ્રફુલ્લિત, તેનું લક્ષણ છે નિષ્પક્ષ
દીપ છે નિશ્ચિંત, તેના પ્રકાશનાં કિરણો છે અસીમ
દીપ છે અમૂલ્ય, તેનું યોગદાન છે પ્રબળ
શું છે એ યોગદાન?
બધાંને સાથે લાવવાં અને
બધાંનું સાથે આવીને ખુશી-ખુશી
મંગલમય જીવન માટે આભાર વ્યક્ત કરવો
દીપનું અસ્તિત્વ જ એવું છે કે
તે બીજાંઓમાં પરિવર્તન લાવવામાં સમર્થ છે
દીપાવલી ઉત્સવ પર પ્રદીપ્ત દીપમાળાઓ દ્વારા
બધાં દેવીદેવતાઓની પૂજા નૈસર્ગિક રીતે થાય જ છે
જ્યારે લોકો શ્રદ્ધા, વિશ્વાસ, ભક્તિ, આદર અને સન્માનથી ભરેલાં હૃદયથી
એકબીજાં સાથે હળેમળે છે
ત્યારે તેમની આંતરિક ઊર્જા પણ વધી જાય છે
મન ઉમંગ અને ઉલ્લાસથી છલકાઈ જાય છે
અગ્નિ-તત્ત્વને સંપૂર્ણ જગતમાં — ત્રણેય લોકમાં —
એક ઉચ્ચ સ્થાન આપવામાં આવ્યું છે.

દીપ દ્વારા સુખ-સુધા	સુખદીપ
દીપ દ્વારા પ્રેમ-ક્ષેમ	પ્રેમદીપ
દીપ દ્વારા ગુરુકૃપા	ગુરુદીપ
દીપ દ્વારા જ્ઞાનબોધ	જ્ઞાનદીપ
દીપ દ્વારા ભક્તિભાવ	ભક્તિદીપ
દીપ દ્વારા આનંદરસ	આનંદદીપ
દીપ દ્વારા શાંતિછાયા	શાંતિદીપ
દીપ દ્વારા મોક્ષ-સાધન	મોક્ષદીપ

શુભ દીપાવલી!

'દીપજ્યોતિસ્તોત્રમ્'નો આ શ્લોક મને બહુ ગમે છે

તેથી તેને તમારી સન્મુખ રજૂ કરી રહી છું

તમારાંમાંથી ઘણાં લોકો આ શ્લોકથી પરિચિત પણ હશે

ભારતમાં આ સ્તોત્રને મૌખિક પરંપરા દ્વારા

પેઢી દર પેઢી જતનથી રાખવામાં આવ્યો છે

તેનું સંરક્ષણ ભક્તો દ્વારા ખૂબ જ શ્રદ્ધા સાથે કરવામાં આવ્યું છે

શુભં કરોતિ કલ્યાણમારોગ્યં ધનસંપદા ।

શત્રુબુદ્ધિવિનાશાય દીપજ્યોતિર્નમોઽસ્તુ તે ॥

હે તેજોમય દીપ-જ્યોતિ!

જે મંગળમય અને કલ્યાણકારી છે

જે આરોગ્ય અને ધનસંપદા પ્રદાન કરનારી છે

જે અંતરના અંધકારરૂપી શત્રુનો વિનાશ કરનારી છે

એ દીપ-જ્યોતિને મારા નમસ્કાર.

સિદ્ધયોગ પથ પર આરતીનો અભ્યાસ બહુમૂલ્ય છે

પોતાના ઇષ્ટની સમક્ષ પ્રકાશમય જ્યોતથી

તેમની આરતી ઉતારતી વખતે

તમે એ પાવન સ્થાનને જ્યોતિર્મય બનાવો છો

જ્યાં તમારા ઇષ્ટ નિવાસ કરે છે

સાથે-સાથે, આવું કરતી વખતે

તમે તમારા અસ્તિત્વમાં

સદ્જ્ઞાન અને શક્તિના પ્રવાહને જ્યોતિર્મય કરો છો

તમારી આરતીનું ફળ

તમારા પૂર્વજો સુધી પહોંચે છે અને

આરતીનાં દર્શનથી

તમારા જન્મ-જન્માંતર સફળ થઈ જાય છે

‘ચિદ્વિલાસસ્તવ’માંથી ઉદ્ધૃત આ શ્લોક
તમને આરતીમાં નિહિત મર્મનો
તેના ગહન અર્થનો
વધારે ઊંડાણથી બોધ કરાવે છે

પંચધા પ્રસરતશ્ચિદાત્મનો હ્યાન્તરસ્ય બહિરિન્દ્રિયાધ્વના ।
સામરસ્યમિહ સંવિદાત્મનારાત્રિકં પરમિદં સમીરિતમ્ ॥

ઇષ્ટની સમક્ષ પ્રજ્વલિત દીપ સાથે આરતી કરવાનો પરમ અર્થ છે
અંતર્નિહિત ચેતન આત્માનું
પરમ ચિતિ સાથે સામરસ્ય, પૂર્ણ મિલન.
આ અંતર્નિહિત ચેતન આત્મા
પાંચ બાહ્ય ઇન્દ્રિયોના માર્ગો દ્વારા
શુદ્ધ ચિતિ તરફ મિલન માટે પ્રવાહિત થાય છે.

શુભ દીપાવલી!

નવવર્ષની શુભેચ્છા!

સપ્રેમ,

ગુરુમાઈ ચિદ્વિલાસાનંદ

© ૨૦૨૬ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.